# લે કે રહેંગે મહાગુજરાત

...ગુજરાતની સૌથી મોટી પ્રજાકીય લડતનો નારો

## ગુજરાતની અસ્મિતા માટેનાં ઐતિહાસિક આંદોલનની સિદ્ધિને ૫૫ વર્ષ પૂર્ણ





ભારત આઝાદ થયું તેની સાથે સાથે ગુજરાત અલગ રાજ્ય ન હતું. તે મહારાષ્ટ્ર સાથેનું દ્વિભાષી રાજ્ય હતું. અલગ ગુજરાત લેવા માટે તે વખતમાં ઈન્દુલાલ યાજ્ઞિકની આગેવાનીમાં લડત ચલાવવામાં આવી હતી.

### ૧ મે ૧૯૬૦માં ગુજરાતને અલગ રાજ્યનો દરજ્જો મળ્યો

### આજે ગુજરાત રાજ્યે પોતાનાં અસ્તિત્વનાં પંચાવન વર્ષ પૂર્ણ કર્યાં ત્યારે તે માટે લડત ચલાવનારા અને પ્રજાકીય આંદોલનની એક ઝાંખી...

# આજની પેઢી રાજ્યના જન્મ પહેલાંની પીડાથી અજાણ છે

તા.૧મે ૨૦૧૫ ગુજરાત રાજ્યનો ૫૬મો સ્થાપના દિવસ છે, એટલે કે ગુજરાત ૫૫ વર્ષનું થયું. વર્તમાન સમયની પેઢીને ભાગ્યે જ ગુજરાતની સ્થાપનાનો ઈતિહાસ યાદ હશે. ગુજરાતના રાજકારણીઓ ગુજરાતદિનની ઉજવણી કરે છે પરંતુ તેમાંના મોટાભાગના ગુજરાતના જન્મકાળની પીડાથી અવગત નથી. કેમ કે, વર્તમાન સમયમાં ગુજરાતના રાજકારણમાં સક્રિય ૭૫ ટકા નેતાઓ અને ૯૦ ટકા કાર્યકરોનો જન્મ ગુજરાતના જન્મ પછી થયો છે.

આઝાદી પૂર્વે આજનું ગુજરાત ત્રણ અલગ પ્રદેશથી ઓળખાતું હતું- કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાત. ગુજરાતમાં સૌથી મોટું વડોદરા રાજ્ય હતું અને કાઠિયાવાડ જે ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્ય બન્યું. તેમાં ૨૨૨ રજવાડાં હતાં. આઝાદી મળી તે પહેલાં જ સૌરાષ્ટ્ર- કચ્છ સિવાયનું ગુજરાત મુંબઈ રાજ્યનો ભાગ બની ચૂક્યા હતાં. જોકે સૌરાષ્ટ્ર રાજ્યમાં અમરેલી જિલ્લો ગાયકવાડી શાસનમાં હોઈ મુંબઈ રાજ્યમાં હતાં.

કેન્દ્ર સરકારે ૧૯૫૩માં જસ્ટિસ ફઝલઅલીના અધ્યક્ષ પદે રાજ્ય પુનઃરચના પંચની રચના કરી. જેમાં ભાષા, ભૌગોલિક નજદીકતાને ધ્યાને લેવાની હતી. તા.૩૦ સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ પંચનો રિપોર્ટ જાહેર થયો. તેમાં અનેક રાજ્યો ભાષાના આધારે રચાયા જેમાં બંગાળ, કર્ણાટક, ઓરિસ્સા વગેરેનો સમાવેશ થયો. પરંતુ ગુજરાત- કચ્છ અને સૌરાષ્ટ્રની એક ગુજરાતી ભાષા હોવા છતાં ત્રણે પ્રદેશોનો એક ગુજરાત રાજ્યનો દરજ્જો મળ્યો નહીં. આ પંચ સમક્ષ મહાગુજરાત- ગુજરાત રાજ્યની માગણી થઈ હતી. પરંતુ મુંબઈને આગળ ધરી પંચે ગુજરાત અને મહારાષ્ટ્રને સાંકળી દ્વિભાષી મુંબઈ રાજ્યનો નિર્ણય લીધો હતો. મહારાષ્ટ્રમાં પણ મરાઠીભાષી વિદર્ભ રાજ્યની માગણી કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર- મુંબઈ અને ગુજરાત એમ ત્રણ રાજ્યો માટે પણ ભલામણ થઈ હતી. પરંતુ પંચ દ્વારા તે માગણી પણ ગ્રાહ્ય રખાઈ ન હતી. મહારાષ્ટ્ર અને મુંબઈના મુદ્દે મહારાષ્ટ્રમાં પણ તોફાનો થયા. મુંબઈમાં વ્યાપક તોફાનો થયા હતા અને તેનો ભોગ ગુજરાતી બન્યા હતા.

રાજ્ય પુનઃરચના પંચની ભલામણ અંગે વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ કરેલી કોમેન્ટથી ગુજરાત સહિત અને રાજ્યોમાં પોતાની માગણી માટે આંદોલનો શરૂ થયા. નહેરુએ માત્ર એટલું જ કહ્યું હતું કે "પંચનો અહેવાલ જે પ્રસિદ્ધ થયો છે તેની કેટલીક ભલામણોથી મને પણ નારાજગી છે. પરંતુ લોકશાહીમાં કંઈ પણ આખરનું નથી હતું." આ ફેરફારોની શક્યતા વ્યક્ત થતાં જ ગુજરાતમાં માગણી બુલંદ થઈ. તે સમયે મોરારજીભાઈ દેસાઈ ગુજરાત કોંગ્રેસ ઉપર સંપૂર્ણ પકડ ધરાવતા હતા અને તેઓ ગુજરાતને મુંબઈ રાજ્ય સાથે રાખવાના આગ્રહી હતા. જેથી ૧૯૫૫માં જે ગુજરાત કોંગ્રેસ મહાગુજરાત માટે ઠરાવ કર્યો હતો એ કોંગ્રેસે દ્વિભાષી મુંબઈ રાજ્યનો સ્વીકાર કરી લીધો. ૪૩ જિલ્લાવાળુ મુંબઈ રાજ્યમાં અમલમાં આવ્યું. કચ્છ- સૌરાષ્ટ્ર રાજ્યના સચિવાલયો બંધ થયા. મુંબઈ રાજ્યમાં છ ડિવિઝન રચાયા જેમાં મુંબઈ, નાગપુર, પુના, ઔરંગાબાદ, અમદાવાદ અને રાજકોટ. આબુ મુંબઈ રાજ્યમાં હતું તે રાજસ્થાનમાં સમાવાયું.

ફ્લેશબેક

જનક પુરોહિત

નહેરુના વિધાન પછી મહાગુજરાતની માંગ બુલંદ થઈ યુવા નેતા પ્રબોધ રાવલ, હરિહર ખંભોળજા અને હરિપ્રસોદ વ્યાસે શરૂઆત કર્યા બાદ રતિલાલ ખુશાલદાસ, બ્રહ્મકુમાર ભટ્ટ, હિંમતલાલ શુકલ, માર્તંડ શાસ્ત્રી, દાદુભાઈ અમીન, જયંતી દલાલ વગેરેએ મહાગુજરાત જનતા પરિષદની રચના કરી. પરંતુ જ્યારે ઈન્દુલાલ યાજ્ઞિક (ઈન્દુચાચા) એ મહાગુજરાત આંદોલનનું નેતૃત્વ લીધુ અને આંદોલનને ગતિ પકડી હતી. ગુજરાત કોંગ્રેસ મહાગુજરાતની માગણીના વિરોધ હોવાથી તે સમયનું કોંગ્રેસ હાઉસ ભદ્ર, સરદારભવન સામે ટોળાંએ આંદોલન કર્યું. કોંગ્રેસ હાઉસમાંથી ગોળીબાર થયો અને તેમાં ચાર વિદ્યાર્થીના અવસાન ગુજરાતમાં થયા. આંદોલન કેન્દ્ર સરકાર સામે હોવા છતાં કોંગ્રેસના નેતા ઠાકોરભાઈ દેસાઈ બોલી ગયા કે બંદૂકની ગોળીઓ પર સરનામાં લખેલાં નથી હોતા. આ વિધાન અમદાવાદ શહેરમાં ભડકો કર્યો એટલું જ નહીં આંદોલન અન્ય સ્થાનો પર પણ વિસ્તર્યું. કોંગ્રેસ પ્રમુખ ઢેબરભાઈ બહાર નીકળતાં જ ટોળાંએ ધક્કે ચડાવ્યા અને તેમની ટોપી ઉછાળી. શહીદ સ્મારક કોંગ્રેસ ભવન સામે જ ઊભું કરવા મહાગુજરાત સેનાએ નક્કી કર્યું. મંજૂરી ન મળતાં ફરી વિવાદ અને આંદોલન બાદ સ્મારક ઊભું કરાયું. આજે પણ આ શહીદ સ્મારક ઉપર શહીદદિને પુષ્પાંજલિ અર્પણ કરવાનો સિલસિલો ચાલુ છે. છેવટે કેન્દ્ર સરકારે સ્વતંત્ર ગુજરાતની માંગણી માની લીધી. અને આમ પહેલી મે ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજ્યનું ગાંધી આશ્રમ ખાતે રવિશંકર મહારાજે ઉદ્ઘાટન કર્યું હતું.

### ગુજરાતની અસ્મિતા માટેની લડતને વ્યાપક જનસમર્થન મળ્યું હતું

અલગ ગુજરાત રાજ્યની માગણીનો મુખ્ય પાયો 'ગુજરાતની અસ્મિતા' હતા. મુંબઈ રાજ્યમાં મહારાષ્ટ્રનો મોટોભાગ હતો. મહારાષ્ટ્રની ભાષા અને સંસ્કૃતિ અલગ હતાં, ગુજરાત અને મહારાષ્ટ્રના તહેવારો અને પરંપરા અલગ હતાં. જો ગુજરાત મુંબઈ રાજ્યમાં રહે તો ગુજરાતનું ગુજરાતીપણું જોખમાય, ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતના સારસ્વત્વને અન્યાય થવાની વાત પૂરી સંભાવના હતી. આ વાત મહાગુજરાત લડત સમિતિએ પ્રજાને ગળે ઊતરે તે રીતે મૂકી હતી. જેથી અમદાવાદ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વ્યાપક જનસમર્થન મળ્યું. મહાગુજરાત જનતા પરિષદના નેતાઓએ વ્યાપક પ્રવાસો શરૂ કર્યા હતા જે પણ ગામ- શહેરમાં સભા યોજાય ત્યાં મોટી સંખ્યામાં લોકો જોડાવા લાગ્યા. પોલીસ સાથે ઘર્ષણ થવા લાગ્યા. ઠેર ઠેર ટિયરગેસ અને ગોળીબારો થતાં પ્રજામાં રોષ વધવા લાગ્યો.

### શાંતિ માટે આવેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુની સભાનો ફિયાસ્કો



અમદાવાદમાં ફાયરિંગ બાદ પરિસ્થિતિ વણસી. નડિયાદ-કલોલમાં પણ પોલીસે ગોળીબાર કરવા પડ્યા હતા. વડા પ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુ ગુજરાતની જનતાને આંદોલનથી દૂર રહેવા શાંતિ સ્થાપવા અમદાવાદ આવ્યા. એચ.એલ. કૉલેજના મેદાનમાં તેમની જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે જવાહરલાલ નહેરુનો કરિશ્મા દેશમાં વ્યાપક હતો. તેમનો રસાલો પસાર થવાનો હોય તે માર્ગો પર પણ લોકોની ભીડ એકત્ર થતી હતી. આવા સંજોગોમાં ઈન્દુચાચાએ નહેરુની સભા સામે તેમણે સમાંતર સભાનું આયોજન કર્યું અને નહેરુની સભા માટે જનતા કરફ્યુનું એલાન કરવામાં આવ્યું હતું. તા. ૩ ઑક્ટોબરે સાંજે નહેરુની સભાનો ફિયાસ્કો થયો. એટલું જ નહીં, વિદ્યાર્થીઓનું ટોળું ત્યાં પહોંચી મહાગુજરાત લેકે રહેંગેંના નારા પોકાર્યા હતા. બીજી તરફ ઈન્દુચાચાની સભામાં લોકો ઊમટી પડ્યા. વડા પ્રધાન ગુજરાતની પ્રજાનો મિજાજ જાણી ગયા. નહેરુ સામે દેખાવો યોજનારા તે સમયના એચ.એલ. કૉલેજના વિદ્યાર્થી રમણલાલ પંચાલ અત્યારે રાણીપમાં હયાત છે. ભાજપ- રાજ્યમાં વિવિધ હોદ્દા ભોગવી અત્યારે રાજકીય સંન્યાસ ભોગવી રહ્યા છે. મહાગુજરાતની વાત કરતાં તેમની ૭૭ વર્ષની વય છતાં યુવાન જેવી ખુવારી જોવા મળે છે.



પ્રબોધ રાવળ | હરિપ્રસાદ વ્યાસ | હરિહર ખંભોળજા

### આંદોલનની યુવા ત્રિપુટીને યરવડા જેલમાં મોકલી દેવાયા

લડતના મંડાણ કરનારા ત્રણ યુવા નેતા પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ અને હરિહર ખંભોળજાને અન્ય સત્યાગ્રહી સાથે સ્પેશિયલ ટ્રેનમાં યરવડા જેલમાં મોકલી અપાયા હતા. તેમને સાત દિવસની સજા કરવામાં આવી હતી.

### સત્યાગ્રહીઓની ધરપકડ, ગુનો કબૂલ કરાતાં સજા થવા લાગી

મહાગુજરાતની માગણી સાથે યોજાતી કૂચ-સભા અને દેખાવો પર પ્રતિબંધો લદાયા. આમ છતાં રોજેરોજ લોકો સત્યાગ્રહમાં જોડાતાં ગયા. સત્યાગ્રહની આગેવાની આગેવાનો લેતા. તેમની અટકાયત કરી કોર્ટમાં રજૂ કરવામાં આવતાં હતાં. સત્યાગ્રહીઓ ગુનો કબૂલ કરે એટલે તેમને સજા થતી હતી. આવી કુલ ૨૨૬ ટુકડીઓએ સત્યાગ્રહ કરી, ધરપકડ વહોરી હતી.

### તા.૧મે ૧૯૬૦માં પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાની સરકાર રચાઈ

તા. ૯ સપ્ટેમ્બર ૧૯૫૯ના રોજ ગુજરાત રાજ્યની જાહેરાત કરવામાં આવી. મુંબઈ રાજ્ય મહારાષ્ટ્ર બન્યું. વિભાજનમાં વિસ્તારો નક્કી થયા. ડાંગ વિસ્તાર ગુજરાતમાં સમાવાયો. ગુજરાતના નવા રાજ્ય માટે સ્ટાફ, આર્થિક જોગવાઈ વગેરે શરૂ થયા. નવું પાટનગર બનાવવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરી આપવામાં આવી.

## રસપ્રદ ઈતિહાસ

### પ્રથમ સીએમ ડૉ. મહેતાની દીર્ઘદૃષ્ટિ



મુંબઈ રાજ્યમાં ડૉ. જીવરાજ મહેતા જાહેર બાંધકામ વિભાગના મંત્રી હતા. મહાગુજરાત આંદોલનની તીવ્રતા પારખી તેઓ માનતા હતા કે સરકારે ગુજરાતની વાત સ્વીકારવી પડશે. અલગ ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવે તો ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિના કોઈ સરકાર ચાલી નહીં શકે, જેથી તેમણે આંબાવાડી ખાતે પોલિટેક્નિક કૉલેજનું ભવ્ય બિલ્ડિંગ ઊભું કર્યું. ઉપરાંત અસારવા ખાતે વિશાળ સિવિલ હૉસ્પિટલ ઊભી કરી. આ બંને બિલ્ડિંગો સરકારની કચેરીઓ માટે ઉપયોગમાં આવે તે દૃષ્ટિ રાખીને જ ડિઝાઈન કરવામાં આવ્યાં હતાં.

### ડૉ. જીવરાજ મહેતાને મુખ્યમંત્રી પદની તક મળવાનાં કારણો

અલગ ગુજરાતની માગણી ગ્રાહ્ય રખાયા પછી મુખ્યમંત્રીપદનાં નામોની ચર્ચા શરૂ થઈ. જેમાં ખંડુભાઈ દેસાઈ અને બળવંતરાય મહેતાનાં નામો મુખ્ય હતાં, પરંતુ ખંડુભાઈ દેસાઈ ૧૯૫૭ની ચૂંટણીમાં ઈન્દુચાચા સામે હાર્યા હતા અને બળવંત મહેતા લોકસભામાં ચૂંટાયેલા હતા. મુખ્યમંત્રી બન્યા પછી છ માસમાં ચૂંટાવું પડે અને તેઓ ચૂંટાય તેની કોઈ ખાતરી ન હતી. આ સંજોગોમાં મોરારજીભાઈ દેસાઈની અનિચ્છાએ પણ ડૉ. જીવરાજ મહેતાનું નામ નક્કી થયું.

### આંબાવાડી ખાતે પ્રથમ સચિવાલય શરૂ થયું હતું

તા.૧મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની રચના સાથે ડૉ. જીવરાજ મહેતાની સરકાર અસ્તિત્વમાં આવી. અત્યારના આંબાવાડી ખાતે આવેલા ગર્વમેન્ટ પોલિટેક્નિક કૉલેજમાં સચિવાલય શરૂ થયું. તથા સિવિલ હૉસ્પિટલમાં અત્યારે જે ઓ.પી.ડી. વિભાગ છે, ત્યાં ગુજરાત વિધાનસભા ગૃહ ઊભું કરાયું હતું. અત્યારે સિવિલ હૉસ્પિટલ પાછળ અસારવા- મેઘાણીનગર ખાતે જે સરકારી કચેરીઓ છે, ત્યાં એમ.એલ.એ. ક્વાર્ટર્સ હતા. અત્યારે શાહીબાગ ખાતે જે સરદાર પટેલ સ્મારક ભવન છે તે રાજભવન હતું. નવી રચાયેલી ગુજરાત સરકારમાં થોડા અધિકારીઓ, થોડા કર્મચારીઓ અને દફતર તથા ફર્નિચર સાથે સ્પેશ્યલ ટ્રેન મુંબઈથી આવી હતી. દફતરની ઓળખ માટે અલગ અલગ કલરના કપડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સૌરાષ્ટ્ર રાજ્ય-યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ કાઠિયાવાડ

૧૯૪૭માં દેશની આઝાદી પહેલાં જ રજવાડાંઓના વિલીનીકરણની પ્રક્રિયા ચાલતી હતી. તે સમયે કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)માં ૨૨૨ રજવાડાંઓ હતાં. તેમાં મુખ્યત્વે જામનગર, રાજકોટ, ભાવનગર અને ધ્રાંગધ્રા સ્ટેટ હતા. જૂનાગઢમાં નવાબ અને માંગરોળમાં શેખ હતા. સૌરાષ્ટ્રનાં રજવાડાંઓ એક પછી એક કેન્દ્રને તાજ સોંપવા લાગ્યા હતા. સ્વરાજ્યની ઘડી આવે તે પહેલાં જ સૌરાષ્ટ્રમાં સળવળાટ શરૂ થયો. જામનગરના જામસાહેબે જામજૂથ યોજના તૈયાર કરી તો અન્ય રાજવીઓએ ૫૦ રાજ્યોનું ફેડરેશન રચવાનો વિચાર રજૂ કર્યો. તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ ભાવનગરના લાલ બંગલામાં કાઠિયાવાડનું સંયુક્ત રાજ્ય રચાયું. જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહ પ્રથમ રાજપ્રમુખ બન્યા અને ભાવનગરના મહારાજા ઉપપ્રમુખ બન્યા. મુખ્યમંત્રી તરીકે ઉચ્છરંગરાય ઢેબર નિમાયા અને પ્રધાનમંડળની રચના થઈ જેમાં બળવંતરાય મહેતા, રસિકલાલ પરીખ, નાનાભાઈ ભટ્ટ, જગુભાઈ પરીખ અને મનુભાઈ શાહ પ્રધાનો હતા. સરદાર વલ્લભભાઈ પટેલે સૌરાષ્ટ્રનું ઉદ્ઘાટન કર્યું હતું.

### સરકાર ચલાવવા પાંચ લાખ ઉછીના લેવાયા હતા

સૌરાષ્ટ્ર રાજ્યની રચના થયા પછી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ હતો જ, પરંતુ સરકાર ચલાવવા માટે પણ રૂપિયા ન હતા. આથી રજવાડાંઓએ 'પ્રાંત' આપવાની હતી, પરંતુ પૂરતી રકમ ન હતી. આખરે સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઢેબરભાઈએ પોરબંદરના ઉદ્યોગપતિ નાનજી કાળીદાસ પાસેથી રૂ. પાંચ લાખ ઉછીના લીધા હતા. ૧૯૫૬માં મુંબઈ રાજ્યની રચના થતાં સૌરાષ્ટ્ર રાજ્ય તેમાં વિલીન થઈ ગયું હતું.

### મહાગુજરાત આંદોલનમાં પોલીસ ગોળીબારથી જેમણે શહાદત વહોરી

| | |
|---|---|
| પૂનમચંદ વીરચંદ અદાની, અમદાવાદ | 16 વર્ષ |
| કૌશિક ઇંદુલાલ વ્યાસ, અમદાવાદ | 18 વર્ષ |
| સુરેશકુમાર જયશંકર ભટ્ટ, અમદાવાદ | 17 વર્ષ |
| અબ્દુલભાઈ પીરભાઈ, અમદાવાદ | 17 વર્ષ |
| રાજેન્દ્ર કાંતિલાલ મહેતા, અમદાવાદ | 30 વર્ષ |
| દિલીપકુમાર સારાભાઈ સાઈકલવાળા, અમદાવાદ | 16 વર્ષ |
| પ્રતાપજી માયાજી, અમદાવાદ | 25 વર્ષ |
| ગોવિંદસ્વામી તિરુપનસ્વામી, મદ્રાસી | - |
| પોપટલાલ મોહનલાલ પંચાલ, અમદાવાદ | 19 વર્ષ |
| કાંતિલાલ ફુલજી પરમાર, અમદવાદ | 22 વર્ષ |
| હામિદ હુસેન ગુલામ હુસેન મોમીન, અમદાવાદ | 22 વર્ષ |
| હરિલાલ ઠાકરશી વોરા, અમદાવાદ | 23 વર્ષ |
| ચંપકલાલ શંકરલાલ સોની, અમદાવાદ | 20 વર્ષ |
| વિષ્ણુપ્રસાદ છગનલાલ શાસ્ત્રી, અમદાવાદ | 26 વર્ષ |
| સુરેન્દ્ર રાધેલાલ પટેલ, અમદાવાદ | 20 વર્ષ |
| ગોવિંદ શંકરભાઈ નાઈ, અમદાવાદ | 12 વર્ષ |
| વાસુદેવ મણિલાલ વસા, અમદાવાદ | 37 વર્ષ |
| જયંતીલાલ હરિવલ્લભદાસ પંડ્યા, અમદાવાદ | 42 વર્ષ |
| જીતસિંગ હંસાસિંગ, અમદાવાદ | 48 વર્ષ |
| શનાભાઈ સોમાભાઈ પ્રજાપતિ, કલોલ | 20 વર્ષ |
| ગનીભાઈ અલીભાઈ સૈયદ, કલોલ | 18 વર્ષ |
| શાંતિલાલ ચંદુલાલ નાયક, કલોલ | 14 વર્ષ |
| રણછોડભાઈ રૂપસિંગ પરમાર, નડિયાદ | 22 વર્ષ |
| અરવિંદભાઈ રાવજીભાઈ પટેલ, નડિયાદ | 16 વર્ષ |

માતૃભાષા

દિલીપ પટેલ

#### અલગ રાજ્યની સ્થાપના થતાં રાજભાષા ગુજરાતી અસ્તિત્વમાં આવી : ગુજરાતની સત્તાવાર ભાષા ગુજરાતી અને હિન્દી !

## વિધાનસભાએ સૌપ્રથમ ગુજરાતી ભાષાનો કાયદો ઘડ્યો

### ગુજરાતી માટે ભાષા નિયામકની કચેરી બની હતી, તેનું અસ્તિત્વ જોખમમાં

### અંગ્રેજી માધ્યમના કારણે ગુજરાતી ભાષા સામે ખતરો આવી પડ્યો છે

ભાષા વાર રાજ્યો રચાતાં હતા પણ મુંબઈ રાજ્ય દ્વિભાષી રાજ્ય હતું. ૧ મે ૧૯૬૦માં ગુજરાતની રચના પણ ભાષા આધારિત હતી. ગુજરાતમાં રાજભાષા તરીકે ગુજરાતની સ્થાપના થતાં જ તુરંત અમલમાં મૂકવામાં આવી હતી. ગુજરાતની સત્તાવાર રાજભાષા બે છે બીજી હિન્દી ભાષા છે. ગુજરાતનો પ્રથમ કાયદો ગુજરાતી ભાષાનો હતો. સરકારની તમામ બાબતો માત્ર ગુજરાતીમાં કરવા માટે આ કાયદો વિધાનસભામાં પસાર કરી તુરત અમલ કરવા માટે નક્કી કરાયું હતું. ખાસ સંજોગોમાં જ હિન્દીમાં વહીવટ કરવાનું ફરમાન આકાયદો આપે છે.

'ધ ગુજરાત ઓફિશિયલ લેન્ગ્વેજ એક્ટ, ૧૯૬૦' કાયદો સંપૂર્ણ રીતે અમલમાં મૂકી શકાયો નથી. કારણ કે, ગુજરાત સરકાર વહીવટમાં ગુજરાતીનો જ આગ્રહ રાખતી નથી. સરકારીબાબુઓ અંગ્રેજીમાં વહીવટ કરે છે. મુખ્યમંત્રી સમક્ષ ટોચના અધિકારીઓ અંગ્રેજીમાં જ પત્ર વ્યવહારો અને ઠરાવો રજૂ કરવામાં આવે છે. હિન્દી રાજભાષા હોવા છતાં હિન્દીની વપરાશ થતી નથી, તેના કરતાં અંગ્રેજી ભાષાની વપરાશ વધારે થઈ રહી છે. દિવસે દિવસે તેની વપરાશ વધી રહી છે.

રાજભાષાનો અમલ કરાવવા માટે ભાષાનિયામકની કચેરીની ઓગષ્ટ ૧૯૬૦માં રચના કરવામાં આવી હતી. જેના વડા તરીકે ભાષાનિયામક છે. પ્રથમ નિયામક તરીકે નંદશંકર રા. ત્રિવેદી ૯-૮-૧૯૬૦થી હતા. હાલ તો આ કચેરી મૃતઃપ્રાય અવસ્થામાં આવી પડી છે. તેને કાયમી ભાષાનિયામક પણ મળતાં નથી. ભાષા નિયામકની કચેરીનું કામ સરકારના કર્મચારીઓને ગુજરાતી ભાષાની તાલીમ આપવી અને રાજ્યપાલ અને મુખ્યમંત્રીના પ્રવચનોનું ભાષાંતર કરવાનું રહ્યું છે. નવા કર્મચારીઓની ભરતી સાવ બંધ કરી દેવામાં આવી છે. કર્મચારીઓ જ કહે છે કે, આ કચેરીને હવે તાળાં મારવાનાં બાકી રહ્યાં છે. ગુજરાતનો ગુજરાતી ભાષાનો કાયદો ગુજરાતીમાં નહીં પણ અંગ્રેજીમાં 'ધ ગુજરાત ઓફિશિયલ લેન્ગ્વેજ એક્ટ, ૧૯૬૦' ૧૧ ઓગષ્ટમાં તૈયાર કરાયો હતો અને વિધાનસભામાં ૧૮ ઓગસ્ટ ૧૯૬૦માં રજૂ થયો હતો અને ૨૪મી ઓગષ્ટે તેને વિધાનસભામાં પસાર કરતાં તે ગુજરાતી ભાષા ગુજરાતની સત્તાવાર ભાષા બની હતી. રાજ્યપાલે મંજૂરી આપતાં તેનો અમલ ૧૫ ફેબ્રુઆરી ૧૯૬૧માં શરૂ થયો હતો. એટલે કે ગુજરાતી ભાષા રાજભાષા બની તેને ૧૬ દિવસ ૨ મહિના અને ૫૪ વર્ષ થયા છે. (૧ મે, ૨૦૧૫ના રોજ)



ગુજરાત સરકારે ઘડેલા ગુજરાતી ભાષાના કાયદાનું મુખપૃષ્ઠ

તે સમયના ગૃહમંત્રી રસિકલાલ પરીખે ખરડો રજૂ કર્યો હતો. તેમણે વિધાનસભામાં જણાવ્યું હતુ કે, રાજભાષા મુખ્યત્વે ગુજરાતી રહેશે, અનિવાર્ય ન હોય એવા રાજ્યના બધાં કામકાજમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાનો રહેશે. ગુજરાતી ઉપરાંત હિન્દી પણ રાજભાષા રહેશે. તેથી જ્યાં ગુજરાતી વાપરવી શક્ય ન હોય ત્યાં મર્યાદીત રીતે હિન્દી ભાષાનો ઉપયોગ કરવો. ભરૂચના ધારાસભ્ય ભૂપેન્દ્ર મોદીએ તે સમયે ગુજરાત વિધાનસભામાં કહ્યું હતુ કે, સામાન્ય લોકો પણ ભાષા સમજી શકે તે જરૂરી છે.ભાષા એ વિચારોનું વહન કરે છે. તેથી માતૃ ભાષાને રાજ ભાષા તરીકે અમલમાં મૂકી રહ્યાં છીએ. વિધેયક કહીએ છીએ તે સંસ્કૃત્ત શબ્દ છે, તેના બદલે ગુજરાતી શબ્દ ખરડો રાખવો જોઈએ.

### ગુજરાતી ભાષાનાં સરકારી અસ્તિત્વના ૧૬ દિવસ ૨ મહિના અને ૫૪ વર્ષ થયાં

* * * *